જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૦/૧૧/૨૦૨૩ શુક્રવાર**

## વસ્ત્રાપુર પો.સ્ટે. વિસ્તારમાં આવેલ રહેણાંક મકાનમાં પત્તા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૧૩,૮૬,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧૮,૫૯,૫૦૦/- ના મુદામાલ સાથે કુલ્લે ૧૧ આરોપીઓને પકડી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ, જે આધારે અમો **એમ.સી.ચૌધરી પોલીસ ઈન્સપેકટર પી.સી.બી.** ને મળેલ બાતમી આધારે આજરોજ રાત્રે સ્ટાફના પો.સબ.ઈન્સ. શ્રી બી.આર.ક્રિશ્ચીયન, પો.સબ.ઈન્સ. શ્રી વી.જી.ડાભી તથા મ.સ.ઈ. મહમંદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેષભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો.મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો.સુખદેવસિંહ લાખુભાઈ બ.ન.૮૨૮૧, અ.હે.કો વિજેન્દ્ર ભંવરલાલ બ.ન.૪૧૪૩, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.હે.કો.મનહરસિહ નહારસિહ બ.ન.૩૭૬૧, અ.હે.કો ધર્મેન્દ્રસિહ હરિશચન્દ્રસિંહ બ.ન.૩૯૩૭, અ.પો.કો.મહિપતસિંહ ઉદેસિંહ બ.ન.૯૯૧૮, અ.પો.કો.વિજય અજમલભાઈ બ.ન.૮૦૦૩ તથા અન્ય સ્ટાફના માણસોએ વસ્ત્રાપુર પો.સ્ટે. વિસ્તારમાં આવેલ સુર્યોદય બંગ્લોઝનીસામે રત્નમણી ઇ ૧૩ ફ્લેટમાં રહેતા મુકેશભાઇ ત્રીભોવનદાસ પટેલ નાઓ પોતાના રહેણાંક ફ્લેટમાં બહાર થી ગ્રાહકો બોલવી પોતાના રહેણાંક મકાનમાં પત્તા પાના થી હારજીતનો જુગાર રમી રમાડતા મુદામાલના જુગારના દાવ પરના ૫,૫૨,૦૦૦/- તથા અંગઝડતીના ૮,૩૪,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ ૧૧ કિ.રૂ.૩,૭૩,૫૦૦/- તથા ટુ વ્હીલર ૨ કિ.રૂ.૧,૦૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૧૮,૫૯,૫૦૦/- નો મુદામાલ સાથે કુલ ૧૧ આરોપીઓને પકડી પાડી પકડાયેલ આરોપીઓ વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## પકડાયેલ આરોપીઓ :

(૧) મુકેશભાઇ ત્રીભોવનદાસ પટેલ રહે. ઇ ૧૩ રત્નમણી ફ્લેટ સુર્યોદય બંગ્લોઝની સામે સોલા રોડ અમદાવાદ શહેર મુળ ગામ રુપાલ તા.જી.ગાંધીનગર (ર) મુકેશભાઇ રણછોડભાઇ દેસાઇ ઉ.વ.૪૦ ધંધો વેપાર રહે.૮ સુદીપ એપાર્ટમેંટ સુરધારા સર્કલ ની પાસે થલતેજ અમદાવાદ શહેર (૩) મહેશભાઇ ભાઇલાલભાઇ પટેલ રહે.મ.નં. ર આવીશ્કાર સોસાયટી સ્વામીનારાયણ મંદિર સામે ઘાટલોડીયા અમદાવાદ શહેર (૪) જયરામભાઇ નારણભાઇ દેસાઇ રહે.મ.નં.૧૫ર રબારી કોલોની અમરાઇવાડી અમદાવાદ શહેર (૫) નીલેશભાઇ શંકરભાઇ પટેલ રહે.એ ર૦૧ અર્જુન ગ્રીન ફ્લેટ મેનારવ હોલની બાજુમાં કે.કે.નગર રોડ નારણપુરા અમદાવાદ શહેર (૬) ખોડુભાઇ જીતુભાઇ ગઢવી રહે.પ્લોટ નંબર ૧૦૯ જશોદાનગર વિઠ્ઠલ નગર ટેકરો ગીતાંજલી સ્કુલની બાજુમાં જશોદા નગર અમદાવાદ શહેર (૭) મહેશભાઇ બચુભાઇ પટેલ ઉ.વ.૪૩ ધંધો વેપાર રહે.એફ ૩ પાર્થ એવન્યુ નાલંદદા સ્કુલ પાસે ઘાટલોડીયા અમદાવાદ શહેર (૮) રહીમભાઇ ગફારભાઇ નાગાણી ઉ.વ.૫૧ ધંધો વેપાર રહે.ડી/૧૧૦૪ અલર્બુઝ ટાવર ૧૦૦ ફુટ રોડ મકરબા હેડકવાર્ટની પાસે મકરબા અમદાવાદ (૯) શીતલભાઇ જ્યંતીભાઇ પટેલ રહે.૬ પટેલ વાસ ચાંદલોડીયા ગામ ચાંદલોડીયા અમદાવાદ શહેર (૧૦) જીગ્નેશભાઇ દીલીપભાઇ પટેલ રહે.ખોડીયાર ફાર્મ લક્ષ્મી ઇટાલીયન માર્બલ ની સામે ઓગંણજ અમદાવાદ શહેર (૧૧) વિક્રમસિંહ નાનુભા સોલંકી ઉ.વ.૪૫ ધંધો ખેતી રહે.રામજી મંદિરની સામે રાજપુરા ગામ કટોસણ રોડ તા.દેત્રોજ જી.અમદાવાદ

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૪૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૨૩૭ લીટર દેશી દારૂ, ૩૩૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૩૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયરટીન, ૦૫ કાર, ૦૨ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૪૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૪૩/૨૦૨૩

**એલીસબ્રીજ**ઃ અશેશભાઇ અજીતભાઇ શાહ (ઉ.વ.૫૭)(રહે.આઇરીશ એક્ઝોટીકા કોર્પોરેટ રોડ પ્રહલાદનગર આનંદનગર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧૧/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૦૯/૧૧/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન માણેકબાગ દેવદર્શન ટાવર ખાતે આવેલ "અજીતકુમાર સુરેન્દ્રકુમાર & સન્સ" નામની અશેશભાઇની દુકાનનુ શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૯૫,૦૦૦/-, જુના ચાંદીના સિક્કા નંગ-૧૦ અને ચાંદીની લગડી નંગ-૭ કુલ કિંમત રૂપિયા ૧૪,૦૦૦/-, ડી.વી.આર. કિંમત રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

## પર્સ ઝુંટવી લઇ ગયોઃ- સમાચાર યાદી નં.૧૮૪૪/૨૦૨૩

**નારણપુરા**ઃ સોનલબહેન વા/ઓ દેવેનભાઈ પટેલ (ઉ.વ.૪૭)(રહે.યુનીકો એપાર્ટમેન્ટ, નારણપુરા પોસ્ટ ઓફીસ સામે, નારણપુરા) તા.૦૯/૧૧/૨૦૨૩ સવારના ૧૦/૪૦ વાગ્યાના સુમારે નારણપુરા અમીકુંજ ચાર રસ્તા થી કીડઝ વર્લ્ડ ચાર રસ્તા વચ્ચે આવેલ સુફલામ સોસાયટીના ગેટ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્કુટર ઉપર આવેલ એક પુરૂષ સોનલબહેનના હાથમાંથી પર્સ ઝુટવી લઇ નાસી ગયો હતો. જે પર્સમાં સોનાના દાગીના કિંમત રૂપિયા ૮,૨૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ સોનલબહેન પટેલે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૫/૨૦૨૩**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રણજીતસિંહ અનંતરામ પાલ (ઉ.વ.૫૮)(રહે.કમલ ટોકરા પાર્કિંગમાં, એમ.પી.પંડ્યા હાઇસ્કુલ પાછળ, જેતલપુર) તા.૦૮/૦૯/૨૦૨૩ રાતના ૮/૧૫ વાગ્યા પહેલા કમલ ટોકરા થી અસલાલી "મહેતા એક્સેલ" ખાતે જવા સારૂ ચાલતા પસાર થતા હતા ત્યારે જેતલપુર તરફ જતા સર્વિસ રોડ ઉપર આવેલ ઇલેક્ટ્રીક પોલ નંબર ૧૫-એલ-૨૩ પાસે રોડ ઉપર કોઇ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી લાવી રણજીતસિંહને ટક્કર મારતા, શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રણજીતસિંહ પાલ ના મિત્ર ધર્મેન્દ્રસિંહ બાબુસિંહ રાજપુત એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૬/૨૦૨૩**

**બાપુનગરઃ** દિનેશભાઇ રત્નાભાઇ મકવાણા (ઉ.વ.૬૧)(રહે.ગંગા એપાર્ટમેન્ટ માધવ સ્કુલ પાસે વસ્ત્રાલ) તા.૩૧/૧૦/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર મણીયાર ટેલર આર.એસ.એમ નામની કંપનીના કારખાનામાં મશીનમાં કાપડ બનાવવાનુ કામ કરતા હતા ત્યારે કાપડનું સેમ્પલ લેવા જતા મશીનમાંથી ગરમ પાણી દિનેશભાઇના શરીર ઉપર પડતા ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૧૧/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી